Extra No. 423

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] FRIDAY, NOVEMBER 28, 2025 / AGRAHAYANA 7, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધું:

(૧) પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક.મકમ/સી.બી.૩/ફાયરીંગ-જાહેરનામું/ વશી/૬૨૮/૨૬૧૫૦/૨૦૨૫, તા.૧૫/૧૧/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના પત્ર ક્રમાંકઃવહટ/સીબી-૬/ફાયરીગબટ/૧૨૮૪૪//૨૦૨૫, તા.૧૫/૧૧/૨૦૨૫

જાહેરનામુ

નં.ડીસી/એમ.એ.જી./વશી/૯૦૬/૨૦૨૫.- અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના માંકરોડા (ગંભીરપુરા) ગામના સ.નં.૫૪માં ફાયરીગ બટ આવેલો છે. વંચાણે લીધેલ પત્ર-૧ મુજબ સદર બટમાં ગાંધીનગર જિલ્લાના પોલીસ અધિકારી તથા કર્મચારીનું વાર્ષિક ફાયરીગ પ્રેકટીસ-૨૦૨૫-૨૬ લેવામાં આવનાર છે, જે અન્વયે વંચાણે લીધેલ પત્ર-૨ થી અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસા દ્વારા ઉપરોકત ફાયરીગ બટ પ્રેકટીસ માટે તા.૧૭/૧૧/૨૦૨૫ થી તા.૩૦/૧૧/૨૦૨૫ સુધી પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરને ફાળવવામાં આવેલ છે. જે અન્વયે વંચાણે લીધેલ પત્ર-૧ થી પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર દ્વારા ઉપરોકત સમય દરમિયાન ફાયરીંગ બટ ઉપર ફાયરીંગ લેવામાં આવે તે દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે અગમચેતીના પગલાં રૂપે ફાયરીંગ બટની આજુબાજુના રાહદારીઓ તેમજ વાહનો પ્રવેશવા સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે તા.૧૭/૧૧/૨૦૨૫ થી તા.૩૦/૧૧/૨૦૨૫ સુધી પ્રવેશબંધી ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

આથી હું પ્રશસ્તિ પારીક (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૬૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના માંકરોડા (ગંભીરપુરા) ખાતેના બટ ઉપર ગાંધીનગર જિલ્લાના ફરજ બજાવતા પોલીસ અધિકારી તથા કર્મચારીઓને વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ-૨૦૨૫-૨૬ લેવામાં આવનાર હોઈ ઉકત બટ વિસ્તારની જમીનની આજુબાજુના ૧.૬ કિ.મી.ની ત્રિજયાના વિસ્તારમાં કોઈ પણ વ્યકિતએ જાહેરનામુ પ્રસિધ્ધ થયેથી તા.૩૦.૧૧.૨૦૨૫ સુધી સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ સુધી પ્રવેશ કરવો કે કરાવવો નહીં તેમજ ઉકત વિસ્તારમાં દર્શાવેલ દિવસો અને સમયે ઢોર ઢાંખર લઈને પ્રવેશ કરવો કે કરાવવો નહીં.

વધુમાં ફરમાવું છુ કે, આ જાહેરનામાથી સ્થાનિકો અવગત થઈ શકે તથા અકસ્માત નિવારી શકાય તે માટે પોલીસ ખાતા દ્વારા પ્રચાર બોર્ડ મૂકવા તથા ફાયરીગના સમય દરમિયાન ચોકી/નાકા બંધી કરવી.

આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ અને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર સામે ફરિયાદ માંડવા ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તાધિકારીઓને આથી અધિકૃત કરવામાં આવે છે.

બિન અધિકૃત પ્રવેશથી કોઈ નુકશાન થશે તો કોઈ પણ પ્રકારના વળતરને પાત્ર રહેશે નહીં.

આજ રોજ તા.૧૭મી નવેમ્બર, ૨૦૨૫ મારી સહી તથા સિક્કો કરી આપ્યો

પ્રશસ્તિ પારીક
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.12.10 17:52:32 IST